# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

***************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાની છ દિવસની મુલાકાત માટે રવાના**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે, મહિલાઓના નેતૃત્વમાં વિકાસ તરફ ભારતની કૂચનું પ્રેરણાદાયી ઉદાહરણ – IMA ખાતે પાસિંગ આઉટ પરેડનું નિરીક્ષણ કર્યું.**
3. **પશ્ચિમ બંગાળમાં નગરપાલિકા ભરતી કૌભાંડ સંદર્ભમાં કોલકાતા અને આસપાસના વિવિધ સાત સ્થળોએ EDના દરોડા.**
4. **ઈરાને જણાવ્યું કે, જ્યાં સુધી તેની મુખ્ય શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અમેરિકા સાથે અંતિમ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે નહિ.**
5. **ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે ધર્મશાલામાં રમાશે.**

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સ અને સ્લોવાકિયાની છ દિવસની મુલાકત માટે રવાના થયા છે. પ્રસ્થાન નિવેદનમાં શ્રી મોદીએ જણાવ્યું કે, વ્યૂહાત્મક રીતે ફ્રાન્સ ભારત માટે ખાસ મહત્વનું છે. તેમણે જણાવ્યું કે, આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય ભારત અને ફ્રાન્સ વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવવાનો છે.

શ્રી મોદી આવતીકાલે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન સાથે ભારત ઇનોવેટ્સ સંમેલનનું ઉદ્ઘાટન કરશે. તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમ ભારતીય સ્ટાર્ટઅપ્સને વિશ્વ સાથે જોડશે.

શ્રી મોદી આવતીકાલે નાઇસથી સ્લોવાકિયાની બે દિવસીય મુલાકાત માટે રવાના થશે. શ્રી મોદીએ જણાવ્યું કે, આ ઐતિહાસિક મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને વેગ આપશે.

એક અહેવાલ સાંભળીએ..........

## (VC –SARFAROSHI)

દરમિયાન પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ પેરિસમાં ભારતીય સમુદાયને મળવા માટે આતુર છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ મુલાકાતો યુરોપ અને G-7 બંને સાથે ભારતની ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

# PM - YUVA SHAKTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ભારતના યુવાનો વિજ્ઞાન, ટેકનોલોજી, અવકાશ, ઉત્પાદન, સેમિકન્ડક્ટર અને ડ્રોન જેવા ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા મેળવી રહ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે ભારત આજે વિશ્વના અગ્રણી સ્ટાર્ટઅપ હબમાંનું એક છે, અને નાના શહેરો અને ગામડાઓના યુવાનો તેની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પ્રધાનમંત્રીએ રમતગમતમાં યુવાનોના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરતા કહ્યું કે, ભારતીય રમતવીરોએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશનું ગૌરવ વધાર્યું છે. તેમણે નોંધ્યું કે સ્ટાર્ટઅપ ઇન્ડિયા, ડિજિટલ ઇન્ડિયા, સ્કિલ ઇન્ડિયા અને અટલ ઇનોવેશન મિશન જેવી પહેલોએ નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપ્યું છે.

શ્રી મોદીએ કહ્યું કે છેલ્લા 12 વર્ષથી, NDA સરકાર યુવાનોના નેતૃત્વ હેઠળના વિકાસને પ્રોત્સાહન આપી રહી છે, જેનાથી દેશના યુવાનોનો આત્મવિશ્વાસ વધ્યો છે અને તેઓ તેમના સપનાઓને સાકાર કરી શક્યા છે.

# PRESIDENT DEHRADUN

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે ઉત્તરાખંડના દેહરાદૂનમાં ભારતીય લશ્કરી એકેડમી IMA ખાતે પાસિંગ આઉટ પરેડમાં ઉપસ્થિત રહી પરેડની નિરીક્ષણ કર્યું હતું. આ વર્ષની પાસિંગ આઉટ પરેડ ઐતિહાસિક હતી, કારણ કે પ્રથમ વખત એકેડેમીના જેન્ટલમેન કેડેટ્સની સાથે મહિલા કેડેટ પાસ આઉટ થઈ હતી.

સમારોહને સંબોધતા રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે, તેઓ 9 મહિલા કેડેટ્સને જોઈને ખાસ ખુશ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તે ભારતના સંરક્ષણ દળોના ઇતિહાસમાં માત્ર એક સીમાચિહ્નરૂપ નથી, પરંતુ મહિલાઓના નેતૃત્વમાં વિકાસ તરફ ભારતની કૂચનું પ્રેરણાદાયી ઉદાહરણ પણ છે.

**(BYTE - PRESIDENT DRAUPADI MURMU, WOMEN EMPOWERMENT)**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# FINLAND INDIA FM

ફિનલેન્ડના વિદેશ મંત્રી એલિના વાલ્ટોનેને રશિયા પાસેથી તેલ ખરીદવાના ભારતના નિર્ણયને સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે, ભારતે પશ્ચિમી દેશો દ્વારા નક્કી કરાયેલી કિંમત મર્યાદાનું પાલન કર્યું છે. ફિનલેન્ડમાં ભારતીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથેની મુલાકાતમાં તેમણે કહ્યું કે આ કિંમત મર્યાદા વૈશ્વિક તેલ પુરવઠો જાળવવા અને રશિયાના નફાને મર્યાદિત કરવા માટે બનાવવામાં આવી હતી.

શ્રી જયશંકરે યુરોપિયન દેશોની ટીકાને નકારી કાઢતા કહ્યું હતું કે, પશ્ચિમી પ્રતિબંધોએ યુરોપને મધ્ય પૂર્વમાંથી તેલ ખરીદવાની ફરજ પાડી હતી, જેના કારણે ભારતને અન્ય આર્થિક વિકલ્પો શોધવાની ફરજ પડી હતી.

તેમણે નિયમોમાં ફેરફાર કરવા બદલ અમેરિકાની ટીકા કરતા કહ્યું હતું કે અમેરિકાએ શરૂઆતમાં ભારતને વૈશ્વિક બજારોને સ્થિર કરવા માટે રશિયા પાસેથી તેલ ખરીદવા વિનંતી કરી હતી, પરંતુ બાદમાં ભારતીય આયાત પર ટેરિફ લાદ્યો હતો.

# MEA-VESSEL LIAKI FREEDOM

વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, લિયાકી ફ્રીડમ જહાજ પર ભારતીય ખલાસીઓના જીવ ગુમાવવાના અહેવાલો પાયાવિહોણા અને ખોટા છે. મંત્રાલયે જણાવ્યું કે જહાજના કેપ્ટનનો સંપર્ક કરવામાં આવ્યો છે અને તેમણે પુષ્ટિ આપી છે કે બધા ક્રૂ સભ્યો સુરક્ષિત છે.

વિદેશ મંત્રાલયના તથ્ય-ચકાસણી એકમે લોકોને આવા ખોટા દાવાઓથી સાવધ રહેવા વિનંતી કરી છે.

# IAF CRASH ASSAM

આસામમાં ભારતીય હવાઈ દળનું એક AN-32 વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું. આ દુર્ઘટના જોરહાટ હવાઈદળ સ્ટેશન ખાતે બની હતી. દુર્ઘટના બાદ વિમાનમાં આગ લાગી ગઈ હતી. ફાયર બ્રિગેડે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી શરૂ કરી છે. ઘટનાના કારણની તપાસ કરવામાં આવી રહી છે.

# ED-WB SEARCHES

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ આજે પશ્ચિમ બંગાળમાં નગરપાલિકા ભરતી કૌભાંડ સંદર્ભમાં કોલકાતા અને આસપાસના વિવિધ સાત સ્થળોએ દરોડા પાડ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય અને ભૂતપૂર્વ મંત્રી મદન મિત્રાના નિવાસસ્થાનો સાથે જોડાયેલા પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

EDના જણાવ્યા અનુસાર તપાસમાં જાણવા મળ્યું કે, વિવિધ નગરપાલિકાઓ, ખાસ કરીને કમરહાટી નગરપાલિકામાં અયોગ્ય ઉમેદવારોની નિમણૂકના બદલામાં વચેટિયાઓ દ્વારા રોકડ અને સોનાના રૂપમાં લાંચ લેવામાં આવી હતી.

ED એ જણાવ્યું કે આ મામલાની તપાસ ચાલુ છે અને વધુ વિગતોની તપાસ કરવામાં આવી રહી છે.

# NITI AAYOG - GERMANY

ભારત-જર્મની વિકાસ સહયોગને મજબૂત બનાવવા માટે નીતિ આયોગ અને જર્મન પ્રતિનિધિમંડળ વચ્ચે નવી દિલ્હીમાં એક બેઠક યોજાઈ હતી.

સ્વચ્છ ઉર્જા, પર્યાવરણીય સંરક્ષણ, ટકાઉ વિકાસ, કૃષિ સુધારણા, પાણી વ્યવસ્થાપન અને ગ્રીન અર્થતંત્રમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોની ભાગીદારી જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. બંને પક્ષોએ આબોહવા પરિવર્તનને સંબોધવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે પરસ્પર સહયોગ વધારવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# RAJNATH-CGP

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે હૈદરાબાદના ડુંડીગલ સ્થિત હવાઈદળ એકેડેમી ખાતે 217મી બેચની સંયુક્ત પાસિંગ આઉટ પરેડનું નિરીક્ષણ કર્યું. આ પ્રસંગે તેમણે નવા કમિશન્ડ અધિકારીઓને બદલાતી યુદ્ધ તકનીકો અનુસાર પોતાને તૈયાર રાખવા હાકલ કરી.

તેમણે કહ્યું કે આધુનિક યુદ્ધમાં ડ્રોન, ઉપગ્રહો અને રોબોટિક્સ જેવી તકનીકોની ભૂમિકા વધી રહી છે. સંરક્ષણ મંત્રીએ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમીમાં તાલીમ પામેલી મહિલા કેડેટ્સની પ્રથમ બેચને પણ સામેલ કરી. સમારોહમાં સુખોઈ-30 MKI, સારંગ અને સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા હવાઈ પ્રદર્શન પણ કરવામાં આવ્યું હતું.

# IRAN-US PEACE DEAL

ઈરાને જણાવ્યું કે, જ્યાં સુધી તેની મુખ્ય શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે અમેરિકા સાથે ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા માટેના અંતિમ શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે નહીં. જોકે, એવા અહેવાલો છે કે બંને પક્ષો પ્રારંભિક કરારની નજીક છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે, સમજૂતીનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે અને આગામી દિવસોમાં ડિજિટલી હસ્તાક્ષર થઈ શકે છે. જોકે, ઈરાને જણાવ્યું છે કે, જ્યાં સુધી અમેરિકા તેની નૌકાદળની નાકાબંધી હટાવે નહીં અને અબજો ડોલરની સ્થિર સંપત્તિના નુકસાનની ભરપાઈ ન કરે ત્યાં સુધી તે કાયમી કરાર પર હસ્તાક્ષર કરશે નહીં.

દરમિયાન પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં ચાલી રહેલી ગુપ્ત વાટાઘાટોમાં અમેરિકા અને પાકિસ્તાની મધ્યસ્થીઓએ પુષ્ટિ આપી કે, બંને પક્ષો શાંતિ કરારના ડ્રાફ્ટ પર સંમત થયા છે.

# CRICKET- IND-AFG ODI

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ત્રણ મેચની એક દિવસીય ક્રિકેટ શ્રેણીની પહેલી મેચ આજે ધર્મશાલામાં રમાશે. મેચ બપોરે દોઢ વાગ્યે શરૂ થશે. બાકીની બે મેચ લખનઉ અને ચેન્નાઈમાં રમાશે.